સત્તાની સેમી ફાઈનલના આજે પરિણામો

નવી દિલ્હી,તા. ૭

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ચાર રાજયોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે.તમામ જગ્યા ઉપર સવારે આઠ વાગ્યાથી મતગણતરીની પ્રક્રિયા શરૂ થશે. સઘન સુરક્ષા વચ્ચે મતગણતરીની પ્રક્રિયા શરૂ થયા બાદ બપોર બાદ નવી સરકારની રચનાને લઈને ચિત્ર સ્પષ્ટ થઈ જશે. નક્સલવાદીગ્રસ્ત છત્તીસગઢમાં સુરક્ષાની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મિઝોરમમાં પણ વિધાનસભાની ચુંટણી યોજાઈ હતી પરંતુ અહીં મતગણતરી નવમી ડિસેમ્બરે યોજાશે. આ વખતે દિલ્હીમાં ચુંટણી સૌથી રોમાંચક રહેશે. અહીં ૮૧૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. દિલ્હીમાં ૬૫.૧૩ટકા મતદાન થયું હતું. તમામ મત કેન્દ્રો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજસ્થાનમાં ૨૦૦ પૈકી ૧૯૯ સીટ માટે પહેલી ડિસેમ્બરના દિવસે ૭૫.૨૦ ટકા મતદાન થયું હતું. પ્રદેશમાં ૩૩ જિલ્લા મથકો

ઉપર મતગણતરી થશે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના ભાવિનો પણ ફેંસલો થનાર છે. આવી જ રીતે મધ્યપ્રદેશમાં ૨૩૦ વિધાનસભા બેઠક માટે ૫૧ જિલ્લા મથકો ઉપર મતગણતરી થનાર છે. જયારે છત્તીસગઢમાં ૨૭ જિલ્લા મથક પર મતગણતરી થનાર છે. રાજયમાં ૯૦ વિધાનસભા બેઠક માટે મતગણતરી માટે ૧૩૭૫ ટેબલો મુકવામાં આવી છે.

મતગણતરીને લઈને ભારે ઉત્તેજના પ્રવર્તી રહી છે. લોકસભાની ચૂંટણી પહેલાં આને સેમીફાઈનલ સમાન તરીકે પણ ગણવામાં આવે છે. દિલ્હી, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. તમામ રાજયોમાં શાંતિપૂર્ણ રીતે ઊંચું મતદાન થયા બાદ રાજકીય પક્ષોમાં સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. દિલ્હી, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનમાં ભાજપ અને કોંગ્રેસની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગેલી છે. તમામ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી માટે અંતિમ તબક્કા માટે મતદાન યોજાયા બાદ એગ્ઝિટ પોલના પરિણામ જાહેર થયા હતા જેમાં ભાજપ માટે ચિત્ર સારુ ઉપસી રહ્યું છે. હજુ સુધીના મોટાભાગના એગ્ઝિટ પોલના તારણ દર્શાવે છે કે મધ્ય પ્રદેશમાં ભાજપ સત્તા જાળવી રાખવામાં સફળ રહેશે. જયારે રાજસ્થાનમાં કોંગ્રેસનો સફાયો થશે અને ભાજપ શાનદાર રીતે સત્તામાં

વાપસી કરશે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઊભરશે તેવી વાત એગ્ઝિટ પોલમાં કરાઈ છે પરંતુ દિલ્હીમાં ત્રિશંકુ વિધાનસભાનું ચિત્ર ઉપસી રહ્યું છે. આમ આદમી પાર્ટીની ભૂમિકા કિંગમેકર તરીકેની રહેશે. જો કે એગ્ઝિટ પોલના પરિણામો અને વાસ્તવિક પરિણામમાં શું અંતર રહે છે તે ચિત્ર આવતીકાલે સ્પષ્ટ થશે. આવતીકાલ બપોર સુધી તમામ પરિણામ જાહેર કરી દેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. મતગણતરીને લઈને ચૂંટણી પંચે તમામ તૈયારીઓ કરી લીધી છે. મતગણતરી કેન્દ્રો ઉપર મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો પહેલાથી જ તેનાત કરવામાં આવી ચૂક્યા છે. સવારે સઘન સુરક્ષા વચ્ચે મતગણતરીની પ્રક્રિયા શરૂ થશે. ઘણા મુખ્યમંત્રીના ભાવિ પણ ઈવીએમમાં સીલ થયેલા છે. આ ઉપરાંત અન્ય મોટા માથાઓ પણ મેદાનમાં ઉતરેલા છે.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોત અને ભાજપના નેતા વસુંધરા રાજેના ભાવિ પણ ઈવીએમમાં સીલ છે. આવતીકાલે ઈવીએમ ખુલ્યા બાદ તમામના ભાવિ નક્કી થશે. એગ્ઝિટ પોલના તારણ ભાજપ માટે સારા સંકેત સમાન છે. પાંચ રાજયોની ચૂંટણીમાં બંને પક્ષોએ તમામ તાકાત લગાવી હતી જેથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ પણ સૌથી વધુ તાકાત ઝીંકી દીધી હતી અને અનેક ચૂંટણી સભાઓને સંબોધી હતી. કોની વ્યૂહરચના કેટલી સફળ થઈ છે તે ચિત્ર આવતીકાલે સ્પષ્ટ થશે.

ચૂંટણી પરિણામોને લઈને તમામ ચેનલો દ્વારા તૈયારી

નવી દિલ્હી,તા. ૭

ચાર રાજયોમાં મતગણતરી આવતીકાલે યોજાનાર છે ત્યારે મતગણતરીને લઈને જુદી જુદી ચેનલોમાં પણ તૈયારી કરી લેવામાં આવી છે. એગ્ઝિટ પોલ અને વાસ્તવિક ચૂંટણી પરિણામમાં શું અંતર રહે છે તેને લઈને પણ લોકો જાણવા માટે ઉત્સુક રહે છે.

ઘણી વખત એગ્ઝિટ પોલના પરિણામ પણ ખોટા પણ સાબિત થયા છે જેથી એગ્ઝિટ પોલના તારણોના સંબંધમાં ખાતરી કરવા માટે પણ તૈયારી કરવામાં આવી છે. ચેનલોની સાથે સાથે ભાજપ અને કોંગ્રેસ સહિતના મોટા રાજકીય નેતાઓ ચર્ચાને લઈને પણ પોતાની વ્યૂહરચના તૈયાર કરી ચૂક્યા છે. આવતીકાલે જુદી જુદી ચેનલો દ્વારા વરિષ્ઠ નેતાઓને ચર્ચા માટે બોલાવવામાં આવનાર છે. સવારથી જ મત ગણતરી શરૂ થયા પછી મોડી રાત સુધી ચૂંટણી માહોલ રહેશે.

ફીફા વિશ્વકપમાં બ્રાઝિલ ગ્રૂપ એમાં કેમરુન-કોએશિયા સાથે

રિયોડીજેનેરિયો,તા.૭

આગામી વર્ષે બ્રાઝિલમાં યોજાનાર ફીફા વિશ્વકપ ફૂટબોલના ગ્રૂપની જાહેરાત વિધિવત રીતે ગઈકાલે મોડી રાત્રે કરવામાં આવી હતી. યજમાન બ્રાઝિલને ગ્રૂપ એમાં રાખવામાં આવ્યું છે. વિશ્વકપમાં ભાગ લઈ રહેલી ૩૨ ટીમોને આઠ ગ્રૂપમાં વિભાજિત કરી લેવામાં આવી છે. દરેક ગ્રૂપમાંથી બે-બે ટીમ ક્વાર્ટર ફાઈનલ માટે ક્વાલિફાઈડ કરશે. લિયોડીજેનેરિયોમાં એક યોજાયેલા રંગારંગ કાર્યક્રમમાં ગુરુવારના દિવસે ફીફા વિશ્વકપ ફૂટબોલને દુનિયાની સામે રજૂ કરવામાં આવતા ભારે ઉત્તેજના રહી હતી. આ ફૂટબોલને બ્રાઝિલ માટે સન્માન તરીકે ગણાવીને બ્રાઝુકા નામ આપવામાં આવ્યું છે. બ્રાઝિલમાં બ્રાઝુકા શબ્દનો ઉપયોગ બે બાબતો માટે કરવામાં આવે છે. દેશના સન્માન સાથે જોડાયેલી કોઈપણ વસ્તુ અથવા વાક્યને બ્રાઝુકા કહેવામાં આવે છે. બીજી બાજુ વિદેશમાં રહેતા બ્રાઝિલિયન લોકો માટે પણ આ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. ખૂબસુરત રંગો સાથે રંગાયેલા ફૂટબોલને રજૂ કરવામાં આવતા લોકો ઉપસ્થિત રહ્યા હતા. ફૂટબોલને બ્રાઝિલની પરંપરા તરીકે ગણવામાં આવે છે. બ્રાઝિલમાં ફૂટબોલની રમત ખૂબ જ લોકપ્રિય રહી છે. આગામી વર્ષે ૧૨મી જૂનથી સાઉપોલોમાં આની શરૂઆત થશે. ૧૩મી જુલાઈના દિવસે રિયોડીજેનેરિયોમાં અંતિમ મેચ રમાશે. દિગ્ગઝ ફૂટબોલો આમા ભાગ લેશે. દરેક મેચ ખૂબ જ રોમાંચક રહે છે.

સંજય દત્તને પેરોલ આપવાને લઈને જેલની બહાર હોબાળો

મુંબઈ,તા. ૭

બોલિવુડના લોકપ્રિય અભિનેતા સંજય દત્તને પેરોલ મંજુર કરવાને લઈને જોરદાર હોબાળો મચી ગયો છે. એક મહિનાથી પણ ઓછા ગાળાની અંદર બીજી વખત સંજય દત્તને પેરોલ મંજુર કરવામાં આવતા આને લઈને ઘણાં સંગઠનો નારાજગી વ્યક્ત કરીને મેદાનમાં આવી ગયા છે. પૂણેની યરવાડા જેલની બહાર આજે જોરદાર વિરોધ પ્રદર્શન થતાં મહારાષ્ટ્ર સરકાર ઉપર પણ દબાણ વધી ગયું છે. પૂણેના ડિવીઝનલ કમિશ્નર પ્રભાકર દેશમુખે શુક્રવારના દિવસે સંજય દત્તને પેરોલ મંજુર કર્યા હતા. સંજય દત્ત વર્ષ ૧૯૯૩ના મુંબઈમાં થયેલા સિરીયલ બ્લાસ્ટ દરમિયાન ઉપયોગ કરવામાં આવેલા હથિયારો પૈકી ગેરકાયદેસર હથિયારો રાખવાના મામલામાં દોષિત જાહેર થયો હતો. મુંબઈ બ્લાસ્ટ માટે લાવવામાં આવેલા હથિયારોના ભાગરૂપે રહેલા હથિયાર તેની પાસેથી મળી આવ્યા હતા. સંજયદત્તને ગેરકાયદે હથિયારો રાખવા બદલ પાંચ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. જેલ સત્તાવાળાઓની ભલામણ બાદ સંજયદત્તને પેરોલ મંજુર કરવામાં આવ્યા હતા. ૫૩ વર્ષીય સંજય દત્તને હાલમાં જ તબીબી આધાર ઉપર એક મહિના લાંબી ફરલોરજા મળી હતી અને તે ૩૦મી ઓક્ટોબરના દિવસે ફરી જેલમાં ગયો હતો. આ વખતે પેરોલ મેળવવા માટે પત્ની માન્યતાની માંદગી માટેના કારણો આપવામાં આવ્યા હતા. જોકે, આજે અખબારોએ માન્યતાના કેટલાક એવા ફોટાઓ પ્રકાશિત કર્યા

હતા જેમાં જણાવાયું હતું કે,તે ફિલ્મ નિહાળી રહી છે અને જન્મદિવસની પાર્ટી મનાવી રહી છે.

જેથી સંજય દત્તના માન્યતા બિમાર હોવાના દાવા સામે પ્રશ્નો ઉભા થયા છે. રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના કાર્યકરોએ સંજયદત્તની તરફેણ કરવા બદલ આજે સરકાર સામે જોરદાર દેખાવો અને સુત્રોચ્ચાર કર્યા હતા. યરવાડા જેલની બહાર હોબાળો મચાવવામાં આવ્યો હતો. કાળા ધ્વજ દર્શાવવામાં આવ્યા હતા. જેલ વહીવટીતંત્રની ઝાટકણી કાઢવામાં આવી હતી. સંજય દત્તના પેરોલ રદ્દ કરવાની માંગણી થઈ રહી છે. દેખાવકારો તરફથી ઉપસ્થિત રહેલા પ્રવક્તાએ કહ્યું હતું કે, જો સંજયદત્તની બિનજરૂરી રાહત મંજુર કરવામાં આવશે તો મહારાષ્ટ્રમાં જેલભરો આંદોલન કરવામાં આવશે. સંજય દત્તની સાથે બીજા સજા ભોગવી રહેલા અન્ય અપરાધીઓએ પણ હવે આવી જ રજુઆત કરવાની શરૂઆત કરી દીધી છે. પાર્ટી કરી રહેલી માન્યતા માટે સંજયદત્તને જેલમાંથી રાહત અપાઈ છે તેવી માંગણી ઉઠી છે.

લતા મંગેશકરને આખરે મુંબઈ હાઈકોર્ટથી રાહત

મુંબઈ, તા.૦૭

મુંબઈ હાઈકોર્ટે મહારાષ્ટ્ર સરકારના ૧૯૮૨ના નિર્ણયને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીને આજે ફગાવી દીધી હતી. ગાયિકા લતામંગેશકર સાથે સંકળાયેલા કોલ્હાપુરમાં પ્લોટને લઈને આ સમગ્ર મામલો હતો. જય પ્રભા સ્ટુડીયો જમીન મામલામાં લતા મંગેશકરને આજે મોટી રાહત થઈ હતી. જસ્ટીસ એસજે વજીફદાર અને ગૌતમ પટેલની બનેલી ડિવીઝન બેંચે ઠેરવ્યું હતું કે, અરજીદારે કોઈપણ કેસ બનાવ્યો નથી જેથી રાજયના નિર્ણયને ફગાવી દેવા માટે કોઈ કારણ નથી. મરાઠી ફિલ્મની સંસ્થા અખિલ ભારતીય મરાઠી ચિત્રપટ મહામંડળ દ્વારા એક અરજી દાખલ કરી હતી જેમાં જણાવ્યું હતું કે, સરકારનો નિર્ણય એક માત્ર લતા મંગેશકરની તરફેણમાં છે. લતા મંગેશકરે મરાઠી ફિલ્મના નિર્દેશક ભાલજી પેનધારકર પાસેથી ૧૯૫૯માં આ ૧૩ એકરનો પ્લોટ ખરીદ્યો હતો. પેનધારકરે અગાઉના પ્રિન્સલે સ્ટેટ ઓફ કોલ્હાપુર પાસેથી આ જમીનની ખરીદી કરી હતી અને એવી શરત મૂકી હતી કે, ફિલ્મ સ્ટુડીયોના નિર્માણ માટે આનો ઉપયોગ કરવામાં આવશે. અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે, જયપ્રભા સ્ટુડીયો હજુ પણ આ જમીન પર છે. લતા મંગેશકરે ૧૯૮૨માં સરકાર સમક્ષ જઈને જમીનના યુઝરને બદલી નાખવાની માંગ કરી હતી. અરજીદારે આ અંગે વાંધા ઉઠાવ્યા હતા. હાઈકોર્ટે દરમિયાનગિરી કરવા ઈન્કાર કર્યો છે.

મંડેલાના અંતિમસંસ્કારમાં ઓબામા, બુશ પણ જોડાશે

વોશિંગ્ટન,તા.૭

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા આગામી સપ્તાહમાં આફ્રિકાના પૂર્વ પ્રમુખ નેલ્સન મંડેલાના અંતિમ સંસ્કારમાં ભાગ લેવા આફ્રિકા જશે. દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત પ્રમુખ અને રંગભેદ વિરોધી આંદોલનના મહાનાયક નેલ્સન મંડેલાનું ૯૫ વર્ષની વયે અવસાન થયું હતું. મંડેલાની અંતિમ વિધિ ૧૫મી ડિસેમ્બરના દિવસે જોહાનિસબર્ગમાં કરવામાં આવનાર છે. વ્હાઈટ હાઉસના પ્રવકતા જે કોર્નીએ માહિતી આપતા કહ્યું છે કે ઓબામા પોતાના પતિ મિશેલ ઓબામાની સાથે દક્ષિણ આફ્રિકા જશે. ઉલ્લેખનીય છે કે આફ્રિકન ગાંધીના નામથી લોકપ્રિય નેલ્સન મંડેલાને અમેરિકાના પ્રથમ અશ્વેત પ્રમુખ બરાક ઓબામા ખૂબ જ ઈચ્છતા હતા અનેતેમના મોટા ચાહક પણ હતા.

નેલ્સન મંડેલાની અંતિમ વિધિમાં વિશ્વના અન્ય દેશો પણ ભાગ લેનાર છે. દુનિયાના ટોચના લીડરો અંતિમ વિધિમાં ભાગ લેવા જનાર છે. ભારતમાં પણ તેમના અવસાન બાદ પાંચ દિવસના શોકની જાહેરાત કરવામાં આવનાર છે. કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં ગઈકાલે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. વિશ્વના ઘણા દેશો શપથવિધીમાં ભાગ લેવા જનાર છે જેમાં અમેરિકાના પૂર્વ પ્રમુખ જયોર્જ બુશ અને બિલ ક્લીન્ટન પણ દક્ષિણ આફ્રિકા જશે અને મેમોરિયલ સર્વિસમાં ભાગ લેશે. મેમોરિયલ સર્વિસની તૈયારી આફ્રિકામાં શરૂ કરવામાં આવી ચૂકી છે. વિશ્વના ઘણા દેશો મંડેલાના અવસાન બાદ શોકની જાહેરાત કરી ચૂક્યા છે જેમાં બ્રિટન અને ઈઝરાયેલનો પણ સમાવેશ થાય છે. અમેરિકાના ત્રણ ટોચના લીડર દક્ષિણ આફ્રિકા જશે. જયોર્જ બુશ અને બિલ ક્લીન્ટન પણ હાજરી આપવાની તૈયારી દર્શાવી ચૂક્યા છે.

મિઝોરમમાં ૯મીએ મતગણતરી યોજાશે

નવી દિલ્હી,તા.૭

પાંચ રાજયોમાં તાજેતરમાં જ વિધાનસભાની ચુંટણી યોજાઈ હતી. હવે આવતીકાલે પાંચ રાજયો પૈકી

ચાર રાજયોમાં વિધાનસભાની ચુંટણીના પરીણામ જાહેર કરવામાં આવનાર છે. જોકે, મિઝોરમમાં વિધાનસભાની ચુંટણી યોજાઈ ચુકી છે પરંતુ મિઝોરમમાં મતગણતરીની પ્રક્રિયા આવતીકાલે હાથ નહીં ધરવાનો નિર્ણય લેવાયો છે. મિઝોરમમાં ૯મી ડિસેમ્બરના દિવસે મતગણતરી યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આફ્રિકાની સામે આજે ટીમ ઈન્ડિયા જીતવા માટે સજ્જ

ડરબન,તા.૭

ડરબનમાં આવતીકાલે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી વનડે મેચ રમાનાર છે. આને લઈને ભારતીય ટીમ સજ્જ થયેલી છે. પ્રથમ વન-ડે મેચમાં કારમી હાર ખાધા બાદ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા આક્રમક દેખાવ કરવા માટે તૈયાર છે. પ્રથમ વન-ડે મેચમાં ભારતીય ટીમનો દેખાવ ખૂબ જ નબળો રહ્યો હતો અને દક્ષિણ આફ્રિકાએ એક તરફી રીતે મેચ જીતી લીધી હતી પરંતુ આવતીકાલની મેચમાં ભારતીય ટીમના તમામ સ્ટાર ખેલાડીઓ ધારણા પ્રમાણે દેખાવ કરવા તૈયાર થયેલા છે. ડરબનના મેદાન ઉપર બીજી વન-ડે મેચ રમતા પહેલાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ જોરદાર પ્રેકટીસ કરી છે અને યજમાન ટીમને પડકાર ફેકવા સજ્જ છે. જોહાનિસબર્ગના વાન્ડર્સ મેદાન ઉપર પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકાએ

૧૪૧ રને ભવ્ય જીત મેળવી હતી. આફ્રિકાના તમામ ખેલાડીઓ શાનદાર ફોર્મમાં દેખાયા હતા. ઓપનીંગ બેટ્સમેન અમલા, કોક, ડીવિલિયર્સ, ડ્યુમીની શાનદાર ફોર્મમાં દેખાયા હતા. આવતીકાલની મેચમાં પણ આ બેટ્સમેનોને સસ્તામાં પેવેલિયન ભેગા કરવા ભારતીય ટીમને તૈયારી રાખવી પડશે. આફ્રિકાના બોલરો પણ ભારતીય બોલરોની સરખામણીમાં ઘાતક નજરે પડ્યા હતા. સ્ટેન, મેકલારેને ત્રણ-ત્રણ વિકેટ ઝડપીને ભારતીય બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂક્યા હતા.

ભારત તરફથી રોહિત શર્મા, સુરેશ રૈના, શિખર ધવન, યુવરાજસિંહ અને વિરાટ કોહલી સહિતના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. પરંતુ આવતીકાલની મેચમાં આ તમામ સ્ટાર ખેલાડીઓ પાસેથી સારા દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી છે. દક્ષિણ આફ્રિકા ત્રણ વન-ડે મેચોની શ્રેણીમાં ૧-૦થી લીડ ધરાવે છે જેથી આવતીકાલની મેચ જીતી આફ્રિકા શ્રેણી જીતવા તૈયાર છે. બીજી બાજુ ભારતીય ટીમ આ શ્રેણીને જીવંત રાખવાના ઈરાદાથી મેદાનમાં ઉતરશે. ટીમ ઈન્ડિયા અંતિમ ઈલેવનમાં કોઈ ફેરફાર કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. મેચમાં ટોસ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે. ડરબનના મેદાનમાં મેચને લઈને ભારે રોમાંચકતા પ્રવર્તી રહી છે.

રાજ્યસભાના કુલ ૬૭ ટકા સભ્યો કરોડપતિ છે : રિપોર્ટ

નવી દિલ્હી,તા.૭

રાજયસભાના બે તૃતીયાંશથી વધુ સભ્યો કરોડપતિ છે. જ્યારે ૧૭ રાજયસભાના સભ્યો સામે ફોજદારી કેસો પેન્ડીંગ રહેલા છે. એસોસીએશન ફોર ડેમોક્રેટીક રિફોર્મ (એડીઆર) દ્વારાતૈયાર કરવામાંઆવેલા નવેસરના આંકડામાં આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. રાજયસભાના ૨૪૫ સભ્યો પૈકી ૨૨૭ સભ્યોના મૂલ્યાંકનના આધાર ઉપર તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૩૮ સભ્યોએ તેમની સામે ફોજદારી કેસ હોવાની જાહેરાત કરી છે જે પૈકી ૧૫ સભ્યો અથવા તો સાત ટકા સભ્યો ગંભીર પ્રકારના ફોજદારી કેસોનો સામનો કરી રહ્યા છે. રાજયસભાના ૨૨૭ સાંસદોની સરેરાશ સંપત્તિ ૨૦.૧૭ કરોડ રૂપિયાની આસપાસ આંકવામાં આવી છે. બહુજન સમાજ પાર્ટીના સભ્ય એસ બાઘેલ જે ઉત્તર પ્રદેશના છે. તેમની સામે હત્યાના પ્રયાસનો કેસ થયેલ છે. આ ઉપરાંત દિલ્હીના કોંગ્રેસના સભ્ય પરવેઝ હાસ્મી પણ ગંભીર પ્રકારના કેસોનો સામનો કરી રહ્યા છે. તામિલનાડુના અન્નાદ્રમુકના સભ્ય રથીનાવેલ ઉપર ચૂંટણી ગુનાઓનો આક્ષેપ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય સભાના ૨૨૭ સાંસદો પૈકી સરેરાશ સંપત્તિ ૨૦.૧૭ કરોડની છે. મોટી પાર્ટીઓમાં રાજ્ય સભાના કોંગ્રેસના સાંસદોની સરેરાશ સંપત્તિ ૧૬.૩૪ કરોડ રૂપિયા છે. જ્યારે ભાજપના સાંસદની સંપત્તિ ૮.૫૧ કરોડની, બસપના સાંસદની સંપત્તિ ૧૩.૮૨ કરોડની અને સીપીએમના સાંસદની સરેરાશ સંપત્તિ ૩૯.૬૫ લાખ રૂપિયા છે. મહત્તમ સંપત્તિની વાત કરવામાં આવે તો રાજ્યસભાના સાંસદ મહેન્દ્ર પ્રસાદની સંપત્તિ ૬૮૩.૫૬ કરોડ આંકવામાં આવી છે. બિહારમાંથી જનતાદળ યુનાઈટેડના સભ્ય મહેન્દ્ર પ્રસાદ ચૌથી આગળ રહ્યા છે. માત્ર નવ સાંસદની સંપત્તિ ૨૦ લાખથી ઓછી દર્શાવવામાં આવી છે. મધ્ય પ્રદેશમાંથી ભાજપના અનિલ દવેની સંપત્તિ સૌથી ઓછી ૨.૭૫ લાખની છે. ૩૨ સભ્યો અથવા તો ૧૪ ટકા સાંસદોએ જ તેમના પાનની વિગતો હજુ સુધી જાહેર કરી નથી. રાજ્ય સભાના કુલ ૧૨ સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા નિમવામાં આવે છે તેઓએ ચૂંટણી પંચ સમક્ષ તેમની એફીડેવીટ રજૂ કરવા વર્તમાન કાયદા હેઠળ આવતા નથી.

૧૪ ટકા સાંસદોએ પાન વિગતો જાહેર કરી નથી

રાજયસભાના સાંસદો પૈકી ૨૨૭ સાંસદોની સરેરાશ સંપત્તિ ૨૦.૧૭ કરોડની છે. ૩૨ સાંસદો અથવા તો ૧૪ ટકા સાંસદો એવા છે જે લોકોએ હજુ સુધી તેમના પાનની વિગતો જાહેર કરી નથી. રાજ્ય સભાના ૨૪૫ સભ્યો પૈકી ૨૨૭ સભ્યોના આંકડામાં મૂલ્યાંકન કર્યા બાદ આ અહેવાલ જારી કરવામાં આવ્યો છે. બાર નોમીનેટ સભ્યો અને ખાલી પડેલી સીટો સિવાયના તમામ સભ્યોના આંકડામાં ચકાસણી કરવામાં આવી છે. આ આંકડા ખૂબજ રોમાંચ સર્જે તેવા છે.

એટીએમથી દરેક ટ્રાન્ઝેક્સન પર છ રૂપિયાનો ચાર્જ થશે

મુંબઈ, તા. ૭

એટીએમમાંથી પૈસા ઉપાડવાની બાબત ટૂંક સમયમાં જ વધારે મોંઘી થઈ જશે. એટીએમમાંથી દરેક ઉપાડ અથવા તો ટ્રાન્જેક્સન પર ગ્રાહક ઉપર હવે છ રૂપિયાનો ચાર્જ લગાવવાની બેંકોની યોજના તૈયાર થઈ ચુકી છે. હકીકતમાં કેટલીક રાજ્ય સરકારોએ બેંકોને એવા આદેશો કર્યા છે કે, કસ્ટમરોની સુરક્ષાને ધ્યાનમાં લઈને એટીએમની અંદર મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવે તે જરૂરી છે. તાજેતરમાં જ બેંગલોરના એક એટીએમમાં મહિલા કસ્ટમરને લુટી લેવામાં આવ્યા બાદ અને તેના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યા બાદ રાજ્ય સરકારે એટીએમમાં ગ્રાહકોની સુરક્ષાને લઈને બેંકોને નિર્દેશ જારી કર્યા હતા. આવી સ્થિતિમાં સુરક્ષાને વધારે મજબુત કરવાના નામ ઉપર બેંક છ રૂપિયા પ્રતિ ટ્રાન્ઝેક્સન લેવા વિચારણા કરી રહી છે. કર્ણાટક અને તમિલનાડુમાં ૨૪ કલાક સિક્યુરિટી ગાર્ડ તૈનાત કરવા માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવી ચુકી છે. મહારાષ્ટ્રમાં પણ સરકારે એટીએમની અંદર અને બહાર સીસીટીવી કેમેરા લગાવવાના નિર્દેશો આપ્યા છે. એક એટીએમમાં સિક્યોરિટી ગાર્ડની સંખ્યા વધારવા પર બેંકોના ખર્ચમાં દર મહિને ૩૬ હજાર રૂપિયાનો વધારો થશે. સાથે-સાથે ઈસર્વીલાન્સ સિસ્ટમ લાગુ કરવા પર ૧૫ હજાર પ્રતિ એટીએમ ખર્ચ થશે.